

ખંડ-૩
અંક-૬
જૂન ૨૦૧૭

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
કૃષિ ઉદય...


## ઈ-કૃષિ સંવાદ , ઓનલાઈન સંવાદ માધ્યમ

e-कृषि संवाद
ICAR-Public Interface

भाकृअनुप
ICAR

**Direct and effective solutions to the problems faced by farmers**





કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના કેન્દ્રીય પ્રધાનશ્રી રાધા મોહનસિંહે, ઓનલાઈન સંવાદ માધ્યમ, ઈ-કૃષિ સંવાદની શરૂઆત કરી છે. ઈ-કૃષિ સંચાર ઇન્ટરનેટ પર આધારિત સંવાદનું માધ્યમ છે અને તે એક અનન્ય પ્લેટફોર્મ છે કે જે કૃષિક્ષેત્રના ખેડૂતો અને સહભાગીઓની મુશ્કેલીઓના સીધા અને અસરકારક ઉકેલો પૂરા પાડશે.

કેન્દ્રીય કૃષિ પ્રધાને જણાવ્યું હતું કે લોકો સીધી રીતે કૃષિ સંશોધન માટેની ભારતીય પરિષદની વેબસાઈટ http://icar.org.in સાથે જોડાઈ શકે છે અને વેબસાઈટ અથવા એસએમએસ દ્વારા વિષય નિષ્ણાંતો અને સંસ્થાઓ પાસેથી યોગ્ય ઉકેલો મેળવી શકે છે. ખેડૂતો પાકના રોગો, પ્રાણી અથવા માછલીના રોગો સંબંધિત ફોટાઓ અપલોડ કરી શકે છે કે જેથી નિષ્ણાંતો પાસેથી તરત જ ઉપચારાત્મક પગલાંની સલાહ લઈ શકે છે.

જે લોકો મોબાઈલ ફોન પર ઇન્ટરનેટ સુવિધા ધરાવે છે તેઓ પણ આ સુવિધા મેળવી શકે છે. ખેડૂતોના કલ્યાણ અને કૃષિ વિકાસને લગતી માહિતી મેળવવા માટે ઈ-કૃષિ સંવાદ ખૂબ જ ઉપયોગી છે.

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા


વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## સરકારે વર્ષ ૨૦૧૭-૧૮ માટે શેરડીના ભાવમાં ક્વિન્ટલ દીઠ રૂા. ૨૫ નો વધારો કર્યો




આર્થિક બાબતોની કેબિનેટ કમિટી(CCEA) નવી ખાંડની મોસમ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) માટે શેરડીની વાજબી અને લાભકારી કિંમત (FRP) રૂા. ૨૫૫ પ્રતિ કિંવટલ નક્કી કરવા માટે સંમત થઈ છે. પાછલા વર્ષની સરખામણીમાં આ ભાવમાં ક્વિન્ટલ દીઠ રૂા. ૨૫નો વધારો થયો છે.

બે વર્ષ પછી FRP કિંમતમાં ૧૧ ટકા વધારો થયો છે. ગયા વર્ષે સરકારે ક્વિન્ટલ દીઠ રૂા. ૨૩૦ કિંમતના ભાવ યથાવત્ રાખ્યા હતા. ૨૦૦૯-૧૦માં, FRP રૂા. ૧૩૦ પ્રતિ કિંવટલ હતી કે જે ૨૦૧૦-૧૧થી અત્યાર સુધીમાં સૌથી વધુ ૯૬ ટકાનો વધારો દર્શાવે છે. ભારતીય ખાંડ મિલોના સંગઠને (ISMA) જણાવ્યું હતું કે, જથ્થાબંધ અને છૂટક ખાંડના ભાવમાં સુધારો થવાની સંભાવના છે, કારણ કે ખાંડ ઉદ્યોગ દ્વારા ખાંડની માંગ ઓછી છે.

કૃષિ ખર્ચ અને કિંમત માટેના કમિશનની (CACP) ભલામણોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા FRP નક્કી કરવામાં આવે છે કે જે ખેડૂતોને ન્યૂનત્તમ ભાવની ખાતરી આપે છે. કેટલીક રાજ્ય સરકારો ખેડૂતોના હિતનું રક્ષણ કરવા માટે રાજ્ય સલાહકારી કિંમત (SAP) જાહેર કરે છે કે જે FRP કરતાં વધુ હોય છે.

## કૃષિ મંત્રાલયે તુવેરની આયાત ડ્યૂટીમાં વધારો કરવાની દરખાસ્ત કરી છે



કૃષિ મંત્રાલયે ઉનાળાના વાવેતરને ધ્યાનમાં રાખીને જથ્થાબંધ ભાવોમાં થતા સતત ઘટાડાને અટકાવવા, ખેડૂતોને વાજબી ભાવો મળી રહે તેમજ તુવેર દાળની આયાતને અંકુશમાં રાખવા માટે તુવેર દાળની આયાત ડ્યૂટી ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા સુધી કરવાની દરખાસ્ત કરી છે.

વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે વર્તમાન આયાત ડ્યૂટીની સ્થાનિક કિંમતો પર કોઈ અસર પડતી નથી, કે જે ન્યૂનત્તમ ટેકાના ભાવ કરતાં નીચે છે. જેથી અમે આયાત પર પ્રતિબંધ મૂકવા માટે ઓછામાં ઓછા ૨૦ ટકા આયાત ડ્યૂટી વધારવા નાણા મંત્રાલયને પત્ર લખ્યો છે. ખેડૂતો જુલાઈથી શરૂ થનાર ૨૦૧૭-૧૮ ખરીફમાં કઠોળનું વાવેતર કિંમતોને ધ્યાનમાં રાખીને કરી શકશે.

૨૮મી માર્ચના રોજ તુવેર દાળ પર આયાત ડ્યૂટી ઘટાડવામાં આવી હતી, કારણ કે જથ્થાબંધ ભાવ ઘટીને લઘુત્તમ ટેકાના ભાવ રૂા. ૫૦૫૦ પ્રતિ કિંવટલથી પણ ઓછા થઈ ગયા હતા કે જે ૨૦૧૬-૧૭ના પાક વર્ષ માટે નિશ્ચિત કરવામાં આવેલ હતા.

કિંમતોમાં હજુ પણ ઘટાડો ચાલુ રહ્યો હતો કારણ કે તુવેરનું ઉત્પાદન વર્ષ ૨૦૧૫-૧૬માં ૨.૫૬ મિલિયન ટનની તુલનાએ આ વર્ષે ૪.૨૩ મિલિયન ટનનું મબલખ ઉત્પાદન આવ્યું હતું.

મંત્રાલયે ચિંતા વ્યક્ત કરી છે કે, ૨૦૧૭-૧૮ દરમિયાન તુવેરના પાકના ઘટતાં ભાવોને ધ્યાનમાં રાખીને ખેડૂતો આગામી સમયમાં તુવેરના વાવેતરમાં ઘટાડો કરશે. મંત્રાલયે ખરીફ સિઝનમાં તુવેરના ઉત્પાદનમાં વધારો કરવા માટે તેમણે વિગતવાર યોજના બનાવી છે.

ભારત વિશ્વમાં સૌથી મોટો કઠોળ ઉત્પાદક દેશ છે, દેશમાં કુલ ૨૨ મિલિયન ટન કઠોળના ઉત્પાદનમાં ૧૫ ટકા હિસ્સો માત્ર તુવેર દાળ ઉત્પાદનનો છે.

## ઉત્તર પ્રદેશના ખેડૂતોને ૨૦૧૬-૧૭માં વધારાના રૂા. ૫૫૬૮ કરોડની કમાણી



ઉત્તર પ્રદેશના ખેડૂતોએ શેરડીની નવી જાતનું વાવેતર કરવાના કારણે, શેરડીની સરેરાશ ઉપજમાં ૮.૭ ટકા વધારો થતાં તે ૭૨૩.૭૬ ક્વિંટલ/હેક્ટર થઈ હતી અને ૨૦૧૬-૧૭માં તેમણે વધારાની રૂા. ૫૫૬૮ કરોડ કમાણી કરી હતી.

આ વર્ષે ઉત્તર પ્રદેશ રાજ્યએ ૮૭.૫૦ લાખ ટન ખાંડનું ઉત્પાદન કર્યું છે કે જે દેશમાં શેરડીના ઉત્પાદનમાં પ્રથમ વખત સૌથી વધુ ઉત્પાદન થયેલ છે. પ્રતિ હેક્ટરદીઠ ઉત્પાદકતામાં વધારો થવાથી ગયા વર્ષની સરખામણીમાં શેરડીના કાચા માલનાં જથ્થામાં ૧૮૫ લાખ ક્વિંટલ જેટલો વધારો થયો હતો અને શેરડી પકવતાં ખેડૂતોની આવકમાં રૂા. ૫૫૬૮.૩૨ કરોડ જેટલો વધારો થયો છે.

આ વર્ષે શેરડીની સરેરાશ ઉપજને વાવેલ છોડ અને રટુનના કિસ્સામાં રજીસ્ટર કરવામાં આવી હતી. ગયા વર્ષની સરખામણીએ, વાવેલ છોડમાં સરેરાશ ઉપજ ૬૨.૨૪ ક્વિંટલ પ્રતિ હેક્ટર અને રટુનમાં ૫૩.૧૬ ક્વિંટલ પ્રતિ હેક્ટર દીઠ નોંધવામાં આવી છે.

## પશ્ચિમ બંગાળ સરકાર ટૂંક સમયમાં નવી માછીમારી પદ્ધતિ રજૂ કરશે

નોર્વે, થાઇલેન્ડ, જાપાન અને ફિલિપાઇન્સમાં મત્સ્ય ઉદ્યોગની પદ્ધતિને ધ્યાનમાં લઈને પશ્ચિમ બંગાળ સરકાર ઊંડા સમુદ્રમાં મત્સ્ય ઉદ્યોગની નવી પદ્ધતિને રજૂ કરવા માટે તૈયાર છે જે સામાન્ય રીતે પાંજરા પદ્ધતિ તરીકે ઓળખાય



છે. આ પદ્ધતિમાં સમુદ્રની મધ્યમાં તરતા મોટા પાંજરા દ્વારા માછલીને પકડવામાં આવે છે.

હાલ આ પ્રોજેક્ટ પાયલટ તબક્કામાં છે. બંગાળની ખાડીના ઉત્તરે ઉત્તરીય મંદાર્મની દરિયાકિનારે લોખંડની પાઈપ્સ અને નેટલોન જાળીમાંથી બે ૪.૫ મીટર વ્યાસના પાંજરા બનાવવામાં આવ્યા છે. આ પાજરાં જાળીથી બાંધવામાં આવ્યા છે કે જેથી ઉડતાં પક્ષીઓ માછલીને પકડી શકે નહિ. સ્થિરતા પૂરી પાડવા માટે તે buoys સાથે બંધાયેલ છે દરેક પાંજરું આઠથી દસ વર્ષ સુધી ચાલશે.

માછીમારીનો આ પાઈલોટ પ્રોજેક્ટ સપ્ટેમ્બરમાં શરૂ કરવામાં આવશે કે જે છ મહિનાની અંદર માછલીના વજનમાં ૧ થી ૧.૫ કિલો વધારો થશે. મોટાભાગે, આ પાંજરામાં ભિક્ટી અને પોમફ્રેટનો ઉછેર કરવામાં આવશે કારણ કે આ માછલીઓની ઊંચી માંગ છે અને તેની કિંમત પણ ઉંચી રહે છે. આવા ઊંડા સમુદ્રમાં મોટી સંખ્યામાં કરવામાં આવતી માછીમારીને લીધે આ માછલીઓના ભાવમાં ઘટાડો થશે અને લોકોને તે સરળતાથી ઉપલબ્ધ થશે.

આ પદ્ધતિ બિનસમુદ્રી માછીમારી પરના આધારમાં ઘટાડો લાવશે. વૈજ્ઞાનિકો પણ આ ટી-કેજમાં મોતી વિકાસ પર સંશોધન કરી રહ્યા છે.

## ૨૦૧૬-૧૭માં મુખ્ય પાકના ઉત્પાદનનો ત્રીજો અગ્રીમ અંદાજ


કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ૨૦૧૬-૧૭માં મુખ્ય પાકના ઉત્પાદનનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે કે જે વિવિધ રાજ્યો પાસેથી મળેલી પાકના ઉત્પાદનની માહિતી અને અન્ય સ્રોતોમાંથી ઉપલબ્ધ માહિતી પર આધારિત છે. વર્ષ ૨૦૧૬ દરમિયાન ચોમાસામાં ખૂબ જ

સારા વરસાદ અને સરકાર દ્વારા લેવાતી વિવિધ નીતિઓના પગલાંના પરિણામ સ્વરૂપે દેશમાં ચાલુ વર્ષમાં અનાજનું નોંધપાત્ર ઉત્પાદન થયું છે.

ત્રીજા અગ્રીમ અંદાજ મુજબ ૨૦૧૬-૧૭ દરમિયાન મુખ્ય પાકના અંદાજિત ઉત્પાદન નીચે મુજબ છે:

- અનાજ ૨૭૩.૩૮ મિલિયન ટન (રેકોર્ડ)
  - ચોખા ૧૦૯.૧૫ મિલિયન ટન (રેકોર્ડ)
  - ઘઉં ૯૭.૪૪ મિલિયન ટન (રેકોર્ડ)
  - હલકાં ધાન્ય ૪૪.૩૯ મિલિયન ટન (રેકોર્ડ)
  - મકાઇ ૨૬.૧૪ મિલિયન ટન (રેકોર્ડ)
- કઠોળ ૨૨.૪૦ મિલિયન ટન (રેકોર્ડ)
  - ચણા ૯.૦૮ મિલિયન ટન
  - તુવેર- ૪.૬૦ મિલિયન ટન (રેકોર્ડ)
  - અળદ ૨.૯૩ મિલિયન ટન (રેકોર્ડ)
- તેલીબિયાં ૩૨.૫૨ મિલિયન ટન
  - સોયાબીન ૧૪.૦૧ મિલિયન ટન
  - મગફળી ૭.૬૫ મિલિયન ટન
  - એરંડા ૧.૫૫ મિલિયન ટન
- કપાસ ૩૨.૫૮ મિલિયન ગાંસડી (દરેકમાં ૧૭૦ કિલો)
- શેરડી ૩૦૬.૦૩ મિલિયન ટન

શણની ૧૦.૨૭ મિલિયન ગાંસડીઓના (૧૮૦ કિ.ગ્રા. ની દરેક) ઉત્પાદનનો અંદાજ છે કે જે ગયા વર્ષની ૧૦.૫૨ લાખ ગાંસડીના ઉત્પાદન કરતાં સહેજ (-૨.૩૯%) ઓછું છે.




Book Post

To,

DOI : June-16, 2017


From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in


Lajja : 02692-233864

*Acknowledged the information used/taken from the public domain*